Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-33| October – November 2018

# પશુધન : ભાવનગર જિલ્લાના સંદર્ભમાં

## ૧. પ્રસ્તાવના

ખેડુત પાકોના વેચાણથી મળતી આવકને પ્રાધાન્ય આપી ખેડૂત પાક ઉત્પાદન પસંદ કરે છે. કૃષિ પેદાશોની યોગ્ય કિંમત ન મળવી. આ સાથે મોઘવારી ઘટાડવા, પીસાતો ખેડૂત પાકોના યોગ્ય ભાવ મેળવી શકતો નથી. આવી પરિસ્થિતિમાં જગતનો તાત પોતાની આજીવિકા માટે પશુધન એક મહત્વનું સ્થાન ધરાવે છે. પશુપાલન અને ડેરી ઉદ્યોગ ગ્રામ્ય અર્થતંત્ર કે જયાં રોજગારીની તકો અપૂરતી છે ત્યાં નોંધપાત્ર આવક ઉભી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે.

વર્ષ ૧૯૯૮માં ગુજરાત રાજય દૂધ ઉત્પાદન ક્ષેત્રે વાર્ષિક ૪.૮ મિલિયન મેટ્રીક ટન દૂધ ઉત્પન્ન કરતું રાજય છે. સમગ્ર ભારતનાં અન્ય રાજયોની સરખામણીમાં ગુજરાત છઠ્ઠો ક્રમ ધરાવે છે અને પ્રતિદિન દૂધ વપરાશના સંદર્ભમાં ગુજરાતનો ક્રમ ૨૮૪ ગ્રામ દૂધ વપરાશ સાથે સમગ્ર ભારતમાં પાંચમાં ક્રમે આવે છે.
ભારતમાં ગુજરાત રાજ્ય દુધના ઉત્પાદનમાં મોખરાનું સ્થાન ધરાવે છે. અમૂલ ડેરી એશિયાની મોટામાં મોટી ડેરી છે. પશુપાલનમાં દૂધનું ઉત્પાદન વર્ષ ૨૦૧૪-૧૫ ના ૧૧૬.૯૧ લાખ ટનથી વધીને વર્ષ ૨૦૧૫-૧૬ માં ૧૨૨.૬૨ લાખ ટન થયું છે. વર્ષ ૨૦૧૨ની ૧૯ મી પશુધન ગણતરીએ રાજ્યમાં કુલ પશુધન ૨૭૩.૯૭ લાખ છે.

## ૨. હેતુઓ

ભાવનગર જિલ્લામાં પશુ સંપતિ તપાસવી.
ભાવનગર જિલ્લામાં પશુધન ફેરફારની તરાહ જાણવી.
ભાવનગર જિલ્લામાં પશુધનમાં થયેલ દશક વૃધ્દિદર તપાસવો.

## ૩. અભ્યાસ પધ્ધતિઓ

આ સંશોધનમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમા સામાજિક આર્થિક સમિક્ષા, સરકારી રીર્પોટ, પશુ ગણતરી, આંકડા શાખાથી મળેલ આંકડાઓનો ઉપયોગ કર્યો છે. સંશોધન માહિતીના વિશ્લેષણ માટે વર્ગીકરણ, આલેખ, કોષ્ટક, સરેરાશ, સામાન્ય વૃધ્દિદર, લઘુત્તમ- ગુરુત્તમ વગેરે આંકડાકીય પદ્ધિતઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૪. ભાવનગર જિલ્લાનુ પશુધન

પશુપાલનએ ગુજરાત અને ભાવનગર જિલ્લાના ગ્રામીણ વિસ્તારની આર્થિક વ્યવસ્થામાં ખૂબજ અગત્યનો ભાગ ભજવે છે તથા ડેરી ઉદ્યોગ વિકાસ માટે જરૂરી દૂધનો જથ્થો પણ પશુપાલનની ગુણવતા પર આધારીત છે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્રે પશુઓ જરૂરી વાહનનું કામ પણ કરે છે. ગુજરાતમાં પશુપાલનનો ધંધો ગ્રામીણ ક્ષેત્રે જમીન વિહોણા કામદારો, નાના તથા સીંમાત ખેડૂતો તથા ગ્રામીણ સ્ત્રીઓને જીવન નિર્વાહ ટકાવી રાખવા માટે વધારાની આવક આપે છે.




ઉપરોક્ત આલેખ ભાવનગર જિલ્લાના પશુધન સંખ્યાનની તરાહ દર્શાવામા આવી છે. ભાવનગર જીલ્લામાં વર્ષ ૧૯૯૭ માં ૧૧૪૮૪૧૩ કુલ પશુધન હતુ તેમાં ૨૭૯૬૨૫ ભેંસ વર્ગ, ૩૩૦૩૧૦ ગાય વર્ગ, ૨૩૮૨૮૬ ઘેટા, ૨૩૯૦૯૬ બકરા અને ૬૧૦૯૬ અન્ય પશુઓ હતા. વર્ષ ૨૦૦૩ માં ૧૨૦૧૧૩૭ કુલ પશુધન હતુ તેમાં ૩૦૫૯૭૯ ભેંસ વર્ગ, ૩૪૨૪૪૯ ગાય વર્ગ, ૨૯૬૩૨૩ ઘેટા, ૨૦૩૯૩૦ બકરા અને ૫૨૪૫૬ અન્ય પશુઓ હતા. વર્ષ ૨૦૦૭ માં ૧૧૪૦૮૧૯ કુલ પશુધન હતુ તેમાં ૩૩૪૧૪૦ ભેંસ વર્ગ, ૩૪૦૦૬૩ ગાય વર્ગ, ૨૫૮૨૬૭ ઘેટા, ૧૯૯૧૭૩ બકરા અને ૯૧૭૬ અન્ય પશુઓ હતા. વર્ષ ૨૦૧૨ માં ૧૨૦૧૩૭૫ કુલ પશુધન હતુ તેમાં ૪૦૦૨૨૩ ભેંસ વર્ગ, ૪૧૪૪૬૩ ગાય વર્ગ, ૧૭૫૧૩૭ ઘેટા, ૨૦૮૭૭૫ બકરા અને ૨૭૭૭ અન્ય પશુઓ હતા.

ભાવનગર જીલ્લામાં વર્ષ ૧૯૯૭ થી ૨૦૦૩ સુધીમાં ૪.૫૯ % પશુધન વધેલ તેમાં ૯.૪૨ % ભેંસ વર્ગ, ૩.૬૮ % ગાય વર્ગ અને ૨૪.૩૫ % ઘેટામાં વધારો જયારે ૧૪.૭ % બકરા અને ૧૪.૧૪ % અન્ય પશુઓ ઘટાડો થયો. વર્ષ ૨૦૦૩ થી ૨૦૦૭ સુધીમાં ૫.૦૨ % પશુધન ઘટેલ તેમાં ૯.૨ % ભેંસ વર્ગમાં વધારો જયારે ૦.૭ % ગાય વર્ગ અને ૧૨.૮૪ % ઘેટા, ૨.૩૩ % બકરા અને ૮૨.૫ % અન્ય પશુઓ ઘટાડો થયો. વર્ષ ૨૦૦૭ થી ૨૦૧૨ સુધીમાં ૫.૩૧ % પશુધન વધેલ તેમાં ૧૯.૭૭ % ભેંસ વર્ગ, ૨૧.૮૭ % ગાય વર્ગ અને ૪.૮૨ % ઘેટામાં વધારો જયારે ૩૨.૧૮ % બકરા અને ૬૯.૭૩ % અન્ય પશુઓ ઘટાડો થયો. વર્ષ ૧૯૯૭ થી ૨૦૧૨ સુધીમાં ૪.૬૧ % પશુધન વધેલ તેમાં ૪૩.૧૨ % ભેંસ વર્ગ, ૨૫.૪૭ % ગાય વર્ગમાં વધારો જયારે ૨૬.૫ % ઘેટામાં, ૧૨.૬૮ % બકરા અને ૯૫.૪૫ % અન્ય પશુઓ ઘટાડો થયો.




ઉપરોક્ત આલેખ ભાવનગર જિલ્લાના તાલુકાવાર પશુધન વર્ગીકરણ કરવામાં આવ્યુ છે. આ દસકા દરમ્યાન ભાવનગર જીલ્લામાં ૦.૦૨ % પશુમાં વધારો થઈ ૧૨૦૧૩૭૫ પશુઓ હતા. આ જીલ્લામાં ૨૧.૪૬ % વલ્લભીપુર તાલુકામાં સૌથી વધારે જયારે ૨૩.૫૩ % પાલીતાણા તાલુકામાં સૌથી વધારે ઘટાડો થયો. આ સમયમાં ૬.૪૧ % બોટાદ, ૧૭.૪૨ % ઘોઘા, ૬.૨૭ % શિહોર, ૦.૮૪ % તળાજા, ૭.૩૪ % મહુવામાં પશુઓનો વધારો થયો અને ૦.૮૪ % ગઢડા, ૧૭.૪૩ % ઉમરાળા, ૩.૮૫ % ભાવનગર, ૯.૩ % ગારીયાધાર તાલુકામાં પશુઓનો ઘટાડો થયો.




ઉપરોકત આલેખ ૩ માં ભાવનગર જિલ્લામાં તાલુકા મુજબ નોંધાયેલ ગૌધન અને ભેંસોની આલેખાત્મક રજુઆતથી સ્પષ્ટ થાય છે કે ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૨ દરમ્યાન ૩૦.૮ % એટલે ૯૪૨૪૪ ભેંસો અને ૨૧.૦૨ % એટલે ૭૨૦૧૪ ગાયોની સંખ્યામાં વધારો થયો છે. આ સમયગાળા દરમ્યાન તાલુકા મુજબ જોઈએ તો બોટાદ તાલુકામાં ગૌધન ૨૪૪૧૮ અને ભેંસો ૧૩૫૬૫ નો વધારો, વલ્લભીપુર તાલુકામાં

૩૯૫૭ ગૌધન અને ૨૫૧૦ ભેંસોનો વધારો, ગઢડા તાલુકામાં ૨૩૧૫૩ ગૌધન વધારો અને ૧૩૮૫ ભેંસો ઘટાડો, ઉમરાળા તાલુકામાં ૨૫૯૦ ગૌધન અને ૧૧૪૬ ભેંસોનો વધારો, ભાવનગર તાલુકામાં ૩૨૬૦ ગૌધન અને ૬૪૪૧ ભેંસોનો વધારો, ઘોઘા તાલુકામાં ૧૦૬૫ ગૌધન અને ૬૫૮૦ ભેંસોનો વધારો, શિહોર તાલુકામાં ૯૮૫૯ ગૌધન અને ૯૪૯૦ ભેંસોનો વધારો, ગારીયાધાર તાલુકામાં ૮૫૪ ગૌધન અને ૭૩ ભેંસોનો વધારો, પાલિતાણા તાલુકામાં ૧૯૯૮ ગૌધનમાં ઘટાડો અને ૫૩૨૪ ભેંસોનો વધારો, તળાજા તાલુકામાં ૧૪૪૨ ગૌધન અને ૨૭૭૮૦ ભેંસોનો વધારો તથા મહુવા તાલુકામાં ૩૪૧૪ ગૌધન અને ૨૨૭૬૦ ભેંસોનો વધારો થયો છે. આમ, ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાને બાદ કરતાં બધા જ તાલુકામાં ગૌધનની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. જયારે ગઢડા તાલુકાને બાદ કરતાં બધા જ તાલુકામાં ભેંસોની સંખ્યામાં વધારો થયો છે.



૪. ભાવનગર જીલ્લાના ઘેટા-બકરાનું વર્ગીકરણ

ઉપરોકત આલેખ ૪ માં ભાવનગર જિલ્લામાં તાલુકાવાર નોંધાયેલ ઘેટા અને બકરાની સંખ્યાનો આલેખાત્મક રજુઆથી સ્પષ્ટ થાય છે કે ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦૦૩ થી ૨૦૧૨ દરમ્યાન ૪૦.૯ % એટલે ૧૨૧૧૮૬ ઘેટામાં ઘટાડો અને  ૨.૩૭ % એટલે ૪૮૪૫ બકરાની સંખ્યામાં વધારો થયો છે. આ સમયગાળા દરમ્યાન તાલુકાવાર જોઈએ તો બોટાદમાં ૪૩૪૦ ઘેટામાં ઘટાડો અને ૬૨૯ બકરાની સંખ્યામાં વધારો, વલ્લભીપુરમાં ૧૦૬૯ ઘેટામાં ઘટાડો અને ૧૧૪૭ બકરાની સંખ્યામાં વધારો, ગઢડામાં ૧૫૭૩૪ ઘેટામાં ઘટાડો અને ૫૨ બકરાની સંખ્યામાં વધારો, ઉમરાળામાં ૬૦૬૬ ઘેટા અને ૩૬૦૫ બકરાની સંખ્યામાં ઘટાડો, ભાવનગરમાં ૫૦૧૮ ઘેટા અને ૫૬૬૮ બકરાની સંખ્યામાં ઘટાડો, ઘોઘામાં ૬૭૮ ઘેટામાં અને ૫૭૭૩ બકરાની સંખ્યામાં ઘટાડો, શિહોરમાં ૯૩૩૩ ઘેટા અને ૧૨૫૨ બકરાની સંખ્યામાં ઘટાડો, ગારીયાધાર માં ૩૪૫૧ ઘેટા અને ૧૩૯૨ બકરાની સંખ્યામાં ઘટાડો, પાલિતાણામાં ૨૫૦૧૩ ઘેટા અને ૯૩૩૯ બકરાની સંખ્યામાં ઘટાડો, તળાજા ૨૬૭૭૯ ઘેટામાં ઘટાડો અને ૨૮૬ બકરાની સંખ્યામાં વધારો તથા મહુવામાં ૨૩૭૦૫ ઘેટામાં ઘટાડો અને ૧૮૨૧૪ બકરાની સંખ્યામાં વધારો થયો છે. આમ, ભાવનગર જિલ્લાના બધા જ તાલુકાઓમાં ઘેટાની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે. જયારે ઉમરાળા, ભાવનગર, શિહોર, ગારીયાધાર, પાલીતાણા તાલુકાઓમાં બકરાની સંખ્યામાં ઘટાડો થયો છે.

**૭. તારણો**

ભાવનગર જીલ્લામાં વર્ષ ૧૯૯૭ થી ૨૦03 સુધીમાં ૪.૫૯ % પશુધનમાં વધારો થયો તેમાં ૯.૪૨ % ભેંસ વર્ગ, 3.૬૮ % ગાય વર્ગ અને ૨૪.૩૫ % ઘેટામાં વધારો જયારે ૧૪.૭ % બકરા અને ૧૪.૧૪ % અન્ય પશુઓમાં ઘટાડો થયો. વર્ષ ૧૯૯૭ થી ૨૦૧૨ સુધીમાં ૪.૬૧ % પશુધનમાં વધારો થયો તેમાં ૪૩.૧૨ % ભેંસ વર્ગ, ૨૫.૪૭ % ગાય વર્ગમાં વધારો જયારે ૨૬.૫ % ઘેટામાં, ૧૨.૬૮ % બકરા અને ૯૫.૪૫ % અન્ય પશુઓ ઘટાડો થયો.

આ દસકા દરમ્યાન ભાવનગર જિલ્લાના તાલુકાવાર પશુધન ૦.૦૨ % પશુમાં વધારો થઈ ૧૨૦૧૩૭૫ પશુઓ હતા. આ જીલ્લામાં ૨૧.૪૬ % વલ્લભીપુર તાલુકામાં સૌથી વધારે જયારે ૨૩.૫૩ % પાલીતાણા તાલુકામાં સૌથી વધારે ઘટાડો થયો.

ભાવનગર જિલ્લામાં વર્ષ ૨૦03 થી ૨૦૧૨ દરમ્યાન ૩૦.૮ % એટલે ૯૪૨૪૪ ભેંસો ની સંખ્યામાં વધારો થયો હતો તેમાં ૮૨.૪૧ % બોટાદમાં સૌથી વધારે વધારો નોધાયો હતો જયારે ૬.૪ % ગઢડામાં સૌથી વધારે ઘટાડો થયો હતો. આ સમય દરમ્યાન ૨૧.03 % એટલે ૭૨૦૧૪ ગાયોની સંખ્યામાં વધારો થયો હતો તેમાં ૭૬.૫૨ % બોટાદમાં સૌથી વધારે વધારો નોધાયો હતો જયારે ૫.૦૮ % પાલીતાણામાં સૌથી ઓછો વધારો થયો હતો.

આ સમય દરમ્યાન ૪૦.૯ % એટલે ૧૨૧૧૮૬ ઘેટાની સંખ્યામાં ઘટાડો થયો હતો તેમાં ૮૧.૯૨ % ઉમરાળામાં સૌથી વધારે ઘટાડો નોધાયો હતો જયારે ૩.૫૪ % ઘોઘામાં સૌથી ઓછો ઘટાડો થયો હતો.

આ સમય દરમ્યાન ૨.૩૮ % એટલે ૪૮૪૫ બકરાની સંખ્યામાં વધારો થયો હતો તેમાં ૬૭.૪૪ % મહુવામાં સૌથી વધારે વધારો નોધાયો હતો જયારે ૪૩.૭૧ % ઉમરાળામાં સૌથી ઓછો ઘટાડો થયો હતો.

**૮. સમીક્ષા**

રાજ્યમાં દૂધ ઉત્પાદકતા વધારવા ગાય અને ભેંસની ઓલાદ સુધારવા વિવિધ યોજના અમલી કરવામાં આવી છે. જેમાં કૃત્રિમ બીજદાન, ખસીકરણ, જાતીય આરોગ્ય નિયંત્રક સેવાઓ, ઘાસચારા વિકાસ અને અન્ય વિસ્તરણ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે.

દેશના કુલ ૫૧૨૦૫૭ હજાર પશુધન છે તેમાં ૫.૩ % પશુઓ ગુજરાતમાં છે. રાષ્ટ્રમાં ૫.૨૩ % એટલે ૯૯૮૪ હજાર ગાયો, ૯.૫૫ % એટલે ૧૦૩૮૬ હજાર ભેંસો અને ૩.૩૩ % એટલે ૬૬૬૭ હજાર ઘેંટા-બકરા ગુજરાત રાજ્યમાં છે.

## સંદર્ભ સૂચિ


I. Swain, Kalamkar, Kapadia (2012), “State of Gujarat Agriculture 2011-12”, Agro-Economic Research Centre, Gujarat.

II. Socio Economic Review (2016), Government Central Press, Gandhinagar.http://agri.gujarat.gov.in,

III. http://www.globalgujarat.com

IV. https://data.gov.in

V. http://www.dahd.nic.in

****************************************************************************************************

**ડૉ. અરવિંદ લાણીયા**
પ્રોફેસર
અર્થશાસ્ત્ર વિભાગ
એલ.આર.વળીયા આર્ટ્સ એન્ડ પી.આર. મહેતા કોમર્સ કોલેજ
ભાવનગર

Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat